# Improving Democratic Climate…

by Narendra Modi 24. December 2009 16:35

મિત્રો,

આપણો આ સેતુ એ એક વૈચારિક સેતુ છે, લાગણીનો સેતુ છે, જે મારા માટે કર્મસેતુની ભૂમિકા પણ પૂરી પાડે છે. ગ્લોબલ વોર્મિંગની અસરો નકારાત્મક હોય છે, પણ હાર્ટવોર્મિંગની અસરો સકારાત્મક હોય છે. હાર્ટવોર્મિંગ માટે કોઇ મોટી શિખર પરિષદની જરુર નથી, આપણી આ ગોઠડી જ પર્યાપ્ત છે.

શિયાળો એ તંદુરસ્તી મેળવવાની ઋતુ છે. પછી એ આપણી પોતાની હોય કે સમગ્ર લોકતંત્રની. લોકતંત્રની તંદુરસ્તીનો આધાર છે 'તમામ લોકોનો મત'. લોકતંત્રના હાર્દસમી ચૂંટણીમાં જો બધા જ લોકોને મત પડે તો પ્રજા અને સરકાર વચ્ચેને હક અને ફરજનો પરસ્પરનો સેતુ વધુ મજબુત બને. લોકતંત્ર વધુ પ્રાણવાન, વધુ ગૌરવમય બને. આપણો ઉદેશ ૧૦૦ તકા મતદાન જ હોવો જોઈએ. અડધુંપડધું મતદાન લોકતંત્રની અધકચરી તંદુરસ્તી સૂચવે છે. અને એવું થાય તો લોકતંત્રનું કલાઈમેટ ખોરવાઈ જાય. પરંતુ એમ ન થાય તે જોવાની જવાબદારી આપણી છે. તેથી, સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં એક અભૂપૂર્વ અને ક્રાંતિકારી પગલા રૂપે, ગુજરાત સરકારે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં ફરજિયાત મતદાનની જોગવાઈ કરતું વિધેયક વિધાનસભામાં પસાર કર્યું છે. જે મુજબ ગ્રામ પંચાયતો, તાલુકા અને જિલ્લા પંચાયતો, નગરપાલિકા તથા મહાનગરપાલિકાઓની ચુંટણીઓમાં ફતજિયાત મતદાન કરવાનું રહેશે. જો મતદાર કોઇને પણ મત આપવા માગતા ન હોય તેમણે નકારાત્મક મત આપવાનો રહેશે. મતદાન નહિ કરનારને રાજય ચુંટણીપંચ દ્વારા નોટિસ આપવામાં આવશે.

ગુજરતે ભારતના લોકતંત્રને વધુ સ્વસ્થ બનાવવાની પહેલ કરી છે. આથી આપણું લોકતંત્ર વધું 'મતદાર કેન્દ્રી' અને 'નાગરિક કેન્દ્રી' બનશે. ખાસ તો, ડોંઈંગ રૂમ પોલિટિકસની નિરર્થક ચર્ચાઓ થતી અટકશે. હું એ પણ સ્પષ્ટપણે માનું છું કે દેશની યુવાશક્તિ માટે ફરજિયાત મતદાનની જોગવાઈ પ્રેરણારૂપ બની રહેશે. મતદાનનું પ્રમાણ જેટલું ઊંચું, સરકારની જવાબદેહિતા એટલી જ વધુ. આખરે તો,આ બાબત પ્રજાના જ સર્વાંગી હિતમાં છે.

વધુમાં, આ વિધેયકમાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં મહિલાઓ માટે ૫૦ ટકા બેઠક અનામત રાખવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. સ્ત્રી સમાનતા અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે આ પગલું અત્યંત દૂરોગામી અસરો ઊભી કરશે.

લોકતંત્રનું કલાઈમેટ સુધારવાના આ પગલા આ વિશેના વિચારો અને કૉમેન્ટ્સ વાંચવા પણ મને ગમશે. જેમ હક અને ફરજ, તેમ વિચાર અને કર્મ પણ એક જ સિક્કાની બે બાજુ છે.

અત્યારે અહીં જ વિરમું છું.

આપનો,



Copyright © 2009 NarendraModi.com